# ઇન્ટરવ્યુ - જ્યોતિષ સલાહકાર વિનતી દાવડા

By, Devang Vibhakar, Editor - www.SpeakBindas.com. E-mail: speakbindas@gmail.com

**પ્રશ્નઃ જ્યોતિષ વિદ્યા એટલે શું? એ શું સૂચવે છે?**

જ્યોતિષ એ અતિ પ્રાચીન વિદ્યા છે. વેદનુ એક અંગ છે. જ્યોતિષ શબ્દની સંધિ છૂટી પાડીએ તો જ્યોતિ + ઈશ થાય. એટલે કે ઈશ્વરની જ્યોતિ. જ્યોતિનુ કાર્ય છે પ્રકાશ પાથરવાનુ. જે વસ્તુ કે પરિસ્થિતિ આપણે આપણી સામાન્ય આંખો વડે સામાન્ય પ્રકાશમાં જોઈ શકતા નથી તે ઈશ્વરની જ્યોતિ એટલે કે જ્યોતિષની મદદથી જોઈ શકાય છે.

ભારતીય જ્યોતિષ કર્મની ફિલસૂફી પર આધારીત છે. આપણી જન્મકુંડળી એ આપણા કર્મોનો નક્શો છે. આપણી જીંદગી આપણા પાછલા જન્મના કર્મોના આધારે ઘડાય છે. પાછલા જન્મોના સારા કે ખરાબ કર્મોનુ ફળ હાલની જીંદગીમાં ક્યારે પ્રગટ થશે તે જ્યોતિષ સૂચવી શકે છે.

**પ્રશ્નઃ આપણા જીવનમાં જ્યોતિષનુ મહત્વ શું છે?**

જ્યોતિષનુ સૌથી મોટું મહત્વ તો એ છે કે તે આપણને ઈશ્વરની નજીક લઈ જાય છે. આપણા આધ્યાત્મિક વિકાસમાં સહાય કરે છે. આપણા સૌને સતાવતો પ્રશ્ન કે આપણે શા માટે આ પૃથ્વી પર જન્મ લીધો છે, આત્માની ઈચ્છાઓ કઈ-કઈ છે, તેનો જવાબ જ્યોતિષ પાસેથી મળી શકે છે. જ્યોતિષ આપણને બ્રહ્માંડની વિશાળતાની પરિચય કરાવે છે. આપણને સમજ આવે છે કે બધુ જ નિર્ધારિત સમયે નિશ્ચિત નિયમો પ્રમાણે ઘટે છે. આથી એક પ્રકારની ચિંતામુક્તિ અનુભવી શકાય છે. જ્યોતિષ આપણને સ્વની ઓળખાણ કરાવે છે. આપણે આપણી ખૂબીઓ અને ખામીઓને સમજી શકીએ છીએ અને તેને ધ્યાનમાં રાખીને યોગ્ય નિર્ણયો લઈ શકીએ છીએ. સ્વજાગૃત બનીએ છીએ. કોઈ અંધારા રસ્તે જતા હોઈએ અને હાથમા ટોર્ચ હોય તો એ ટોર્ચ જેવુ જ કામ જ્યોતિષ આપે છે. તે આપણી સફરને વધુ સુખદ અને સલામત બનાવી આપે છે.

**પ્રશ્નઃ વ્યક્તિના જીવનને બહેતર બનાવવા આ જ્ઞાનનો ઉપયોગ કેવી રીતે કરવો?**

જ્યારે પણ જીવનમા કોઇ મૂંઝવણભરી પરિસ્થિતિ પેદા થાય, નકારાત્મકતા કે હતાશાનો અનુભવ થાય અથવા તો ઘણા બધા વિકલ્પોમાંથી કોઈ એક વિકલ્પની પસંદગી કરવાની હોય ત્યારે તમે જ્યોતિષની મદદ લઈ શકો. જ્યોતિષ તમને યોગ્ય નિર્ણય લેવામા મદદરૂપ થઈ શકે છે. જ્યોતિષની મદદથી તમે આવનારા અનુકૂળ અને પ્રતિકૂળ સમયની માહિતી મેળવી શકો છો. અગાઉથી જાણ હોવાને લીધે અનુકૂળ સમયનો મહત્તમ ઉપયોગ કરી શકાય અને પ્રતિકૂળ સમય દરમ્યાન સાવચેત રહી શકાય. વિપરિત સંજોગોમા જ્યોતિષિક ઉપાયોની મદદથી રાહત અનુભવી શકાય.

**પ્રશ્નઃ આજકાલ જ્યોતિષશાસ્ત્રીઓ એટલા બધા છે કે કોણ ખરૂં જ્ઞાન ધરાવે છે તે જાણવું મૂશ્કેલ બની રહે છે. કોઈ વ્યક્તિને પોતાના વિશે જ્યોતિષશાસ્ત્ર શું કહે છે એ જાણવું હોય તો યોગ્ય જ્યોતિષશાસ્ત્રીની પસંદગી કેવી રીતે કરી શકે? કરવી જોઈએ?**

આ માટે વ્યક્તિએ પોતાની વિવેકબુધ્ધિનો ઉપયોગ કરવો પડે. શક્ય હોય તો તમારા સગા-સંબંધિઓ કે મિત્રોને પૂછો જે તમને સાચા અને સારા જ્યોતિષીનુ નામ સૂચવી શકે. જ્યોતિષીના જ્ઞાન અને અનુભવ વિશે માહિતી મેળવવાની કોશિશ કરો. એમનુ જો કોઈ સાહિત્ય ઉપલબ્ધ હોય - લેખ, પુસ્તક, વેબસાઈટ કે બ્લોગના સ્વરૂપમા તો તેને ચકાસી જાઓ. જે રીતે આપણને કોઇ મોટી બિમારી આવી હોય તો આપણે કઈ જગ્યાએ સારી સારવાર મળશે અને ક્યા ડૉક્ટર પાસે જવુ એ બાબતે જેટલી કાળજી રાખીએ છીએ તેટલી જ કાળજી જ્યોતિષીને નક્કી કરતી વખતે રાખવી જોઈએ. જે જ્યોતિષી સાથે તમે comfortable હો, તમારી સમસ્યાની સંકોચ વગર ચર્ચા કરી શકતા હો તે તમારા માટે યોગ્ય કહેવાય. એક સારો જ્યોતિષી એક સારો counselor પણ હોવો જોઈએ. એ તમને તમારી નકારાત્મકતા અને હતાશામાથી બહાર કાઢી શકનારો હોવો જોઈએ.

**પ્રશ્નઃ પોતાની કુંડળી શું સૂચવે છે તે જાણવા માટે જ્યોતિષ જાણકારને કેવી રીતે પ્રશ્નો પૂછવા જોઈએ?**

આપણે ડૉક્ટર પાસે જઈએ અને આપણને જે કંઈ શારીરિક તક્લીફો થતી હોય એનુ વર્ણન કરીએ તો ડૉક્ટર ક્યો રોગ છે એ પકડી પાડે અને ઝડપથી ઈલાજ શક્ય બને. પરંતુ આપણે ડૉક્ટર પાસે જઈએ અને તક્લીફો ન જણાવીએ તો ડૉક્ટર કેવી રીતે અને કેટલીક મદદ કરી શકે? આવુ જ કંઈક જ્યોતિષનુ છે. જ્યોતિષીને તમારી સમસ્યાનુ વિગતવાર વર્ણન કરો. સમસ્યાને લગતી દરેક માહિતી પૂરી પાડો. જ્યોતિષી તમારી સમસ્યા જેટલી સ્પષ્ટ રીતે સમજી શકશે એટલી જ સચોટ ફળાદેશ પ્રાપ્ત થવાની શક્યતા વધી જશે. એક સચોટ ફળાદેશ પ્રાપ્ત થવા માટે પ્રશ્નકર્તાનો સહકાર પણ એટલો જ જરૂરી છે.

**પ્રશ્નઃ કોમ્પ્યુટરાઈઝ્ડ કુંડળી કેટલી સાચી? શું એના પર આધારિત રહી શકાય?**

જ્યોતિષ બે ભાગમા વહેંચાયેલું છે. ગણિત વિભાગ અને ફલિત વિભાગ. ગણિત વિભાગ એટલે કે જન્મની વિગતોના આધારે કુંડળી બનાવવી અને અન્ય ગાણિતિક ગણતરીઓ કરવી. આ બાબતે કોમ્પ્યુટર પર આધારિત રહી શકાય સિવાય કે સોફ્ટવેરમાં કોઈ ભૂલ ન હોવી જોઈએ.

ફલિત વિભાગ એટલે કે કુંડળી જોઈને ફળાદેશ આપવુ કે આગાહીઓ કરવી. જ્યોતિષ એક અટપટું અને ગૂઢ શાસ્ત્ર છે. ફળાદેશ કરતી વખતે તર્કબુધ્ધિ અને વિશ્લેષણશક્તિનો ઉપયોગ કરવો પડે છે. અન્ય અસરકર્તા પરિબળોને ધ્યાનમાં રાખવાના હોય છે. આ બાબતે કોમ્પ્યુટર પર આધાર રાખી શકાય નહિ અને human brain એટલે કે જ્યોતિષીની મદદ જ લેવી પડે.

**પ્રશ્નઃ જ્યોતિષમા નંગ ધારણ કરવા, પૂજા-પાઠ તેમજ મંત્રો વગેર - આ બધાનું શું મહત્વ છે?**

જ્યોતિષિક ઉપાયો એ જ્યોતિષનુ અભિન્ન અંગ છે. રોગ વિશે જાણકારી મળે પરંતુ તેનો ઈલાજ ન મળે તો રોગ વિશે જાણીને શુ ફાયદો? જો ભવિષ્યમા આવનારા સારા કે ખરાબ સમય વિશે જાણીને ફક્ત બેસી જ રહેવાનુ હોત તો આ વિદ્યાનો કોઈ અર્થ જ ન રહેત. જ્યોતિષિક ઉપાયો કર્મની પીડા દૂર કરવામાં અથવા હળવી કરવામા મદદરૂપ બને છે. પરંતુ જે રીતે જે રીતે અમુક રોગ અસાધ્ય હોય છે અને કોઈ સારવાર કામ આવતી નથી તે જ રીતે અમુક કર્મો દ્રઢ કર્મો હોય છે. તેમા કોઈ જ્યોતિષિક ઉપાયો કામ આવતા નથી. તેની પીડા ભોગવવી જ પડે છે. જ્યારે અદ્રઢ કર્મોની પીડા જ્યોતિષિક ઉપાયોની મદદથી હળવી અથવા દૂર કરી શકાય છે. જ્યોતિષિક ઉપાયો એ ધોધમાર વરસાદમા છત્રી જેવુ કામ આપે છે. વરસાદ પડવાનો છે એ નક્કી છે પણ જો તમારી પાસે છત્રી હોય તો તમે પલળતા બચી શકો અથવા ઓછા પલળો.

**પ્રશ્નઃ જ્યોતિષશાસ્ત્રમાં વિશ્વાસ ન ધરાવનાર વ્યક્તિઓ કહેતા હોય છે કે હજારો-લાખો કિલોમીટર દૂર આવેલા ગ્રહોની આપણા પર અસર થવી એ હંબગ વાત છે. આ બાબતે આપનું એક જ્યોતિષ તજજ્ઞ તરીકે શું કહેવું છે?**

જે કઈ અજાણ્યું છે, અપરિચિત છે, તે હંબગ લાગવું સ્વાભાવિક છે. તે મનુષ્યનો સ્વભાવ છે. આજે જે નથી સમજાતું માટે તે સત્ય હોય જ ન શકે તેવું માનવું ભૂલભરેલું છે. કારણ ગઇકાલે નહોતું સમજાતું એવું ઘણું છે જે આજે આપણને સમજાય છે. આપણા દાદા-પરદાદાઓને કહ્યું હોત કે એક એવું વાયરલેસ સાધન હોય જેની મદદ વડે તમે દરિયાપાર બેઠેલી વ્યક્તિ સાથે વાત કરી શકો તો એમને એ વાત હંબગ લાગી હોત. આજે મોબાઇલ એ આપણા માટે કોઈ નવાઈની વાત રહી નથી. જીવનમા આપણે શું જાણીએ છીએ એની યાદી બનાવવી શક્ય છે પરંતુ શું નથી જાણતા તેની યાદી બનાવવી શક્ય નથી.

ગ્રહોની વાત કરુ તો એ તો સાબિત થઈ ચૂક્યું છે કે ચંદ્ર દરિયાના પાણીને અસર કરે છે અને ભરતી - ઓટ માટે જવાબદાર છે. ચંદ્ર જો દરિયાના પાણી પર અસર કરી શકે તો જમીન પર અને જમીન પર રહેનારા આપણા પર અસર ન કરી શકે? આપણા શરીરમાં પણ ૬૦% પાણી રહેલું છે અને ચંદ્ર આપણા શરીરમા રહેલા પાણી પર પણ અસર કરે છે પરંતુ એ અસર એવી હોય છે કે જોઈ શકાતી નથી. પુનમ ના દિવસે ઉન્માદમાં વધારો થતો જોવા મળે છે. પૂનમના દિવસે ઓપરેશન કરવામાં આવે તો વધુ પ્રમાણમાં લોહી વહી જાય છે.

હું એટલું જ કહીશ કે જીવનમાં જ્યોતિષ જ નહીં પરંતુ કોઈ પણ બાબતને ખૂલ્લું મન રાખીને વિચારવામાં કે સમજવામાં આવે તો ઘણા નવા રહસ્યો ઉઘાડી જતાં હોય છે. આમ પણ કોઈ પણ શાસ્ત્ર સાચું છે કે હંબગ છે તે નક્કી કરવા માટે શાસ્ત્રનો ઊંડો અભ્યાસ જરૂરી છે.

**પ્રશ્નઃ શું જ્યોતિષશાસ્ત્રમાં ક્યાંય એવો ઉલ્લેખ છે કે કોઇ વ્યક્તિની કુંડળી ભલે ગમે તેટલી વિકટ સમસ્યાઓ દર્શાવતી હોય પરંતુ એ વ્યક્તિ જો દ્રઢ ઈચ્છાશક્તિ / Free will ના બળ પર કર્મો કરે તો તેને ગ્રહો નડી ના શકે? શું દ્રઢ ઈચ્છાશક્તિના આધારે ગ્રહોની વિપરિત અસરોને બેધાર કરી શકાય?**

સૌથી પહેલા તો હુ એ કહીશ કે આપણને ગ્રહો નથી નડતા,આપણને આપણા કર્મો જ નડે છે. ગ્રહો તો માત્ર આપણે કરેલા કર્મોનો નિર્દેશ કરે છે. જ્યોતિષમા કર્મોની પીડા હળવી કરવા માટે મંત્ર, દાન, ઉપવાસ વગેરે જેવા ઉપાયો સૂચવવામાં આવે છે. એ જ દર્શાવે છે કે જ્યોતિષનો અભિગમ પ્રારબ્ધવાદી નથી. જ્યોતિષ સ્વીકારે છે કે દ્રઢ ઈચ્છાશક્તિ અને પુરુષાર્થ કરવાની તૈયારી હોય તો ભાગ્યને સુધારી શકાય છે, સારુ કરી શકાય છે.

ભાગ્ય અને દ્રઢ ઈચ્છાશક્તિ સાથે સાથે ચાલે છે. તમને જમીનનો એક ટુકડો આપવામાં આવ્યો હોય તો એ તમારુ ભાગ્ય છે. હવે એ જમીનના ટુકડા પર તમારે મકાન બાંધવુ છે, બગીચો બનાવવો છે કે તેને રમત-ગમતના મેદાનમાં ફેરવી નાખવુ છે એ તમારે જ નક્કી કરવાનુ છે. એ તમારી દ્રઢ ઈચ્છાશક્તિ અને પુરુષાર્થ પર નિર્ભર કરે છે.